સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

સત્તાની લાડીનું ઠેકાણું નથી, લાપસી રંધાય છે,
ભેંસ તો હજી ભાગોળે નથી, ને ગમાણ બંધાય છે
વેંચે કાગળનાં ઘર, ઉડાડે ઠેકડી ગરીબીની -
ખંધાય પ્રચાર, ભોળી પ્રજાનું નિશાન સંધાય છે

અભણ નેતા
બાફે નિવેદનોમાં
કરાવે હાંસી
(બેનીપ્રસાદ - ઉવાચ)

ઉડાડે નોટો
- આવી ગયો અણસાર?
ભૂંડાં ભાવિનો?
(દાનવીર દિલીપ)

ચિંતન

શુરાશ્ચ કૃત વિદ્યાશ્ચ રૂપવત્સશ્ચ યોષિતઃ ।
યત્ર યત્ર ગમિષ્યન્તિ તત્ર તત્ર કૃતા દરાઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે : **'શૂરવીર-બહાદુર-વીરપુરૂષો, ઉત્તમ વિદ્યા જાણનાર, નિષ્ણાત-કૌશલ્યવાન કારીગર, અને રૂપવતી, સૌંદર્યવાન યુવતીઓ જયાં જયાં જાય છે ત્યાં લોકોનો આદર પામે છે.'**

હમણાં જ વિશ્વમાં ઓલંપિક રમતોત્સવ થયો, એમાં શૂરવીર-રમતવીર કોઇ પણ દેશનાં હોય પણ તેમને તેમની વીરતા માટે વિશ્વ આદર સાથે માન-સન્માન આપે છે.

દેશ-વિદેશના વિજ્ઞાનીઓ-સંશોધકો જે વિશ્વ માટે શોધ-સંશોધન કરે છે તેવા વિદ્વાનો લેખકોને પણ વિશ્વકક્ષાના એવોર્ડ આપી સન્માનવામાં આવે છે.

આજકાલ જિલ્લા-શહેરથી કરી વિશ્વસુંદરીઓની સ્પર્ધાઓ થાય છે. સૌંદર્ય એ ઇશ્વરે-કુદરતે આપેલી ભેટ છે આવી સૌંદર્યવાન યુવતીઓ પરિચય હોય ન હોય છતાં દરેક સ્થાને માન-સાદર પામે છે.

સુવિચાર

- કંજૂસપણું દુર્ગુણ છે, કરકસર સદ્‌ગુણ છે, કંજૂસ પણ નકારાત્મક છે, કરકસર રચનાત્મક છે - **શારદાબેન મહેતા**
- માનવીના મનમાં રહેલા ક્રોધ અને ધિક્કાર ભેગા કરીએ તો વિશ્વનો ઘડીના છઠ્ઠામાં જ નાશ થઇ જાય, એ ભેગા નથી થતા એટલે દુન્યવી વ્યવહાર ચાલે છે - **ધૂમકેતુ**
- જે વર્તમાનને ઓળખી પરિસ્થિતિ પ્રમાણે, તે સ્વીકારીને ચાલી શકે તે 'જ્ઞાની'છે - **હોમર**
- 'અનુભવ'એ માણસે પોતાની ભૂલોને આપેલું દેખાવડું નામ છે - **ઓસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ ઝૂંપડીને પણ સુવર્ણ મહેલ બનાવી દે છે - **હેલ્વી**
- દુર્ભાવના માનવતાનું કલંક છે - **ગાંધીજી**
- પ્રેમ ચંદ્ર જેવો છે, જયારે તે વધતો નથી ત્યારે તે ઘટતો જાય છે - **સેગુરૂ**

બોધ કથા

આપણે કલા-કલાકારો, વિદ્વાન-વૈજ્ઞાનિકો-સેવાભાવી સજ્જનો, કવિ-લેખકોનું માન-સન્માન સાચવી શકતા નથી, જયારે તેમની વિદાય થાય ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે, અને પશ્ચાતાપ સિવાય કંઇ જ પાછળ રહેતું નથી.

દક્ષિણના મહાન સંગીતકાર શેષણ્ણા મૈસૂરના મહાન વીણાવાદક હતા. દક્ષિણમાં શાસ્ત્રીય સંગીતકારોની ખાણ અને સંગીતકાર અને વાદ્ય વાદકો એટલે મૈસૂરના રાજા તેમની યોગ્ય રીતે સાર-સંભાર કે માન-સન્માન કરતાં નહીં.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ શ્રી શેષણ્ણાના વીણા વાદન પર મુગ્ધ હતા. તેમને મૈસૂર થઇ બોલાવી તેમનું માન-સન્માન કર્યું, તેમને મૂલ્યવાન પાલખીમાં બેસાડી આખા નગરની યાત્રા-સારી કાઢી આ સન્માન ના જવાબમાં શેષણ્ણાએ કહ્યું, 'આપણે બધા, આપણી ક્ષમતા અનુસાર વીણા વગાડીએ છીએ, પણ વીણાની ક્ષમતા અનુસાર એને વગાડી શકે એવો વાદક કલાકાર હજી સુધી પેદા જ થયો નથી.'

આવી મહાન, છતાં નમ્ર વાત એમણે કહી. પછી શેષણ્ણા જયારે મૈસૂર ગયા ત્યારે મૈસૂરના રાજાએ તેમને હાથીની અંબાડી પર રાજમહેલ આવવા નિમંત્રણ આપ્યું. શેષણ્ણાએ હાથીની અંબાડી પર 'વીણા' ને બેસાડી જાતે તેના પાછળ ચાલતા જ ગયા..

કેવો સૂચક અને નમ્ર પ્રત્યાઘાત.

વ્યસની ઈડિયટ્સ...
ગુટખા-સિગારેટ કો ફેક કે બોલ ભૈયા', ઓલ ઈઝ વેલ...

ભારતનાં સ્વાતંત્ર્ય પર્વે ગુજરાતમાં ગુટખા પર પ્રતિબંધની જાહેરાત મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી દ૬માં સ્વતંત્રતા દિવસને યૌવનોના વ્યસનને કાબુમાં લેવાના અભિયાનને જબરદસ્ત ટેકો આપ્યો છે. તમાકુ મિશ્રિત ગુટખાના સેવનથી થતી કેન્સર જેવી જીવલેણ બીમારીમાંથી ગુજરાતને મુક્ત કરવા અને વ્યસનને રવાડે ચઢેલાં યુવાધનને બરબાદ થતું બચાવવાં ' ગુજરાત ગુટખા પર પ્રતિબંધ 'ને અપનાવી ક્રાંતિકારી પગલું લીધું છે... ચાલો જરા જોઈએ કેટલા નાના કિસ્સાઓ જેઓ ગુટખાની પડીકીને પ્રેમ કરે છે!!

બાંધકામની સાઈટ પર કામ કરનારાં પીંટુ, હરિ, ગોપાલ, રબારી, બશીર, સોમનાથ, વિજય, ઈશ્વર, રાજુ આ બધાના ખીસ્સામાં એક જ વખતે ચાર-પાંચ ગુટખાની પડીકીઓ મળી આવે છે. શરીરના કષ્ટદાયક કામ કરવાં ગુટખા- તંબાકુથી તાકત મળે છે અને રાત્રે દેશી દારૂની પોટલી પેટમાં પધરાવી એટલે બધો દુઃખાવો ગાયબ થઈ જા ય છે એવું આ બધાનું ભારપૂર્વક કહેવું છે!!

આઠમાં ધોરણમાં ભણતાં હર્ષનાં સ્કુલબેગમાં લંચબોક્ષ મુકવા એની મમ્મી રેખા બેગ ખોલવાની હતી એટલામાં જ હર્ષે એના હાથમાંથી સ્કુલબેગ ઝુંટવી લીધી, મારે ટીફીન નથી જોઈતું કહીએ સ્કૂલ બેગ લઈ નીકળી ગયો. હર્ષનું વર્તન રેખાને અજુગતું લાગ્યું, એના ઉંઘવા બાદ સ્કૂલ બેગ તપાસી તો નોટની કવરની અંદર ૧-૧ રૂપિયાની નાની ગુટખાની પડીકી સંતાડી હતી. અને સવારે રેખા અને એવા પતિએ મળી હર્ષની ધુલાઈ કરી, પણ હર્ષ ચોરી કરીને કે મિત્રો પાસેથી મફ્ત માંગીનેય પડીકી મેળવીને ખાય જ છે!!

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

સુશાંત અને આસીફ બંને રૂમ પાર્ટનર. એન્જિનીયરીંગ કરવાં પોતાના ગામથી દુર શહેરમાં રહીને ભણે, બંન્ને એન્જિનીયરીંગનાં છેલ્લાં વર્ષમાં ભણે છે. કોઈપણ વાત એકબીજા સિવાય કરતાં જ નથી. પછી એ વ્યસન જ કેમ ના હોય? આ બંન્ને મિત્રો પાછા નિશાચર, અભ્યાસ કરવાનાં તો રાત્રે જ, દિવસે મોજમસ્તી અને ભરપૂર ઉંઘવાનું એ એમનો નિત્યક્રમ. રાત્રે જાગવાનું એટલે ઉંઘ સામે લડવાની વાત એટલે સિગારેટનાં ધુમાડામાં ઝોકા મારતાં, મોઢામાં ગુટખાનો ડૂચો મારી ચોપડી હાથમાં લેવાની એટલે ઉંઘ તો દૂર થાય જ પણ મનની એકાગ્રતા પણ એવી આ પાક્કા મિત્રોની પાક્કી વાત... સાચું તો આ મોઢામાં ખોસેલાં ગુટખાને કારણે આમને તમતમતું તીખું ખાતા રાડ પાડી જવાય કે એમને વ્યવસ્થિત મોં ખોલી વાત કરતાંય ફાવતું નથી. મોઢામાંને મોઢામાં જ બોલતા હોય છે... ભવિષ્યમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જશે ત્યારે શું થશે? ભગવાન જાણે!!

લીલાબેન આડોશ પાડોશમાં ક્યરાં - પોતા - વાસણ - કપડાં કરવા આવનારાં બેન, અને બે ઠેકાણે રસોઈ પણ કરવાં જાય છે. કામ કરતી વખતે એ કોઈની સાથે બોલતાં નથી, બીજા કામવાળી બહેનોની જેમ લીલાબેનની કચકચ અને ગામ પંચાયત ના હોવાથી એ જેના ઘરે કામ કરે એ બધી બહેનો રાજી છે... પણ એ શાંત રહે છે એની પાછળ એનો સ્વભાવ નહીં પણ મોંઢામાં ભરી રાખેલી તંબાકુ, ગુટખા નહિં તો મિશ્રીના કારણે મોં બંધ હોય છે. આમાંથી કોઈ વસ્તુ એનાં મોંમા ના હોય તો એને કામ કરવામાં જેમ આવતું જ નથી અને મન લાગતું જ નથી!!

પ્રતિક પરમારને તો કોઈ કારણ જ લાગતું નથી. એને તલબ લાગે એટલે સિગારેટ સળગાવવાની જોડે મોંમાથી વાસ ના આવે એટલે પડીકી ફોડીને ઠાલવવાની આ એનો નિત્યક્રમ, પાછું આવું કરવામાં એને શાન લાગે છે. પાછું હું જેવીતેવી સિગારેટ કે ગુટખાની પડીકી ચાવતો નથી, માત્ર બ્રાન્ડેડ જ વાપરૂં છું એવું બધાને ના પુછતાં સામેથી કહે છે. આખો દિવસ રોફથી સિગારેટ પીતા આ ભાઈ પત્નિથી છુપાવવા પાછા સાંજે સુગંધવાળી પડીકી અને માઉથ ફ્રેશનરથી ચોખ્ખા થઈને ઘરે જાય છે!!

આ બધાંથી ચાર ચાસણી ચઢે એવાં કેટલાંય નમૂના પાછા કોઈ કારણ વગર જ્યાં ને ત્યાં મોઢામાં ભરેલા મસાલાથી પચાપચ થૂંકનારા અનેક લોકો છે. જાહેર સ્થળોએ તો જ્યાં લખ્યું હોય ત્યાંજ આ બિરાદરો એમની કલાનું પ્રદર્શન કરી આવે છે, બસ-રેલ્વે ગંદી કરવી એ એમનો જન્મસિધ્ધ અધિકાર છે... મોઢામાં ભરેલો કચરો ચાવતાં ચાવતાં પાછા આપણી સામે મોં માંડી વાતો કરશે અને ક્યારેક એમનાં ગંદવાડનો પ્રસાદ પણ આપણને આપશે... ગુટખાને ચાવીને એનો અડધો ડૂચો પેટમાં પધરાવતાં અક્કડ ઉભા રહીને આપણી સાથે વ્યસનમુક્તિની ચર્ચા કરશે. ક્યારેક તો આપણને એવી ચીતરી ચઢે અને એની દૂર્ગંધ પણ નાકમાં ઘુસવા લાગે એટલે આપણે ઉઘરાણીએ ગયાં હોઈએ તોય ખાલી હાથે પાછા ફરીએ!!

મજાની વાત તો એ છે કે સતત મોંઢામાં કંઈકને કંઈક ખોસી રાખતાં આ બધાં આબાલ- વૃધ્ધોને આને વ્યસન કહેવાય એવું ખબર જ નથી હોતી અને કદાચ હોય તો આવડી અમથી રૂપિયાની પડીકીથી શું થાય? એવું કહી દિવસે ચાર ખાતા હોય તો છ ખાઈને બતાવશે. આ બધાં શૂરવીરોને આ સસ્તામાં સસ્તો પર્યાય દેખાય છે. દિવસની ૧૦-૧૫ પડીકીઓ સહેજમાં ચાવી જાય છે એમાં એમને કાંઈ વિશેષ અલગ લાગતું નથી. કામ કરતી વખતે ટાઈમપાસ, તલબ, ટેન્શન હોય ના હોય એવું બધું કરવાં જ આવું બધું ખાય છે. આમાં વ્યસન ક્યાંથી આવ્યું એવો એમનો દૃષ્ટીકોણ હોય છે. કેટલાંક પરાક્રમી તો એવીય હોંશિયારી મારે કે હું આટલાં વર્ષોથી ખાઉં છું, મને ક્યાં કશુંય થયું છે? પણ પછી જો કેન્સર થાય તો એની દવાની ઉષ્ણતા સહન કરવાની ક્ષમતાય આમનામાં બચેલી હોતી નથી. પડીકી એમને કોફીનમાં પેક કરાવી દે છે!!

એકાદી વસ્તુ પ્રમાણ માત્રથી વધુ જોઈએ. એના કરવાથી આપણને બેચેની આવે, અમુક વસ્તુ સિવાય આપણે રહી જ ના શકીએ એવી ભાવના બળવત્તા બને એટલે વ્યસનનાં લક્ષણો છે. દિવસમાં ૧૦-૧૫ ગુટખાની પડીકી કે પાનમસાલા ચાવનારાં માણસો પોતાની જીંદગી સાથે જ રમત રમતાં હોય છે... આપણને લાગે કે દારૂનું વ્યસન ખરાબ પણ દારૂ કરતાંય ગુટખા - પાન મસાલાનું વ્યસન ખરાબ. રસ્તા પરનાં પાનનાં ગલ્લાની સાથે હવે કરિયાણાની દુકાનોમાંય ગુટખાની પડીકી મળી રહે છે, એટલે સહેલાઈથી મળતાં પર્યાય અને એમાંય સસ્તું એટલે બધાં જ વર્ગના લોકો આમાં વ્યસનાધીનથી જાય છે!!

'તમે ગુટખા નથી ખાતાં, ગુટખા જ તમને ખાઈ જાય છે' સરકાર દારૂની નશા મુક્તિ અભિયાન ચલાવે છે. દારૂ કે અને અન્ય નશો કરવાનું આપણને વ્યસન છે એવું સ્વિકારી પોતાને એમાંથી મુક્ત કરવાની જે તૈયારી વ્યસની બતાવે છે એવું ગુટખા- તંબાકુવાળામાં દેખાતું નથી એવું નશાખોરી વિભાગનું કહેવું છે... કોઈમાત્ર ગુટખાનું વ્યસન છોડાવવાં આવતું નથી. દારૂનો વ્યસની તંબાકુ - ગુટખા ખાતો હોય તો દારૂ મુક્તિ સાથે બધાં જ વ્યસન બંધ કરાવવાના પ્રયત્નો થયા છે, પણ માત્ર ગુટખાના વ્યસની એમનું વ્યસન છોડાવવાં બહુ ઉત્સાહી હોતો નથી, દારૂ કરતાંય ગુટખા વધુ ભયંકર છે અને સસ્તુ હોવાથી ગામડાનાં આમ આદમીનાં ખીસા સુધી પહોંચ્યું છે. દારૂના નશા દારૂડીયો લથડીયાં ખાય, બકબક કરે, મોટેથી હસે અથવા રડે એટલે ખબર પડી જાય એવું ગુટખાની પડીકીમાં નથી થતું!! જો મોઢામાં ગુટખા ના હોય તો ખબર પણ ના પડે કે આ વ્યસની હશે. ગુટખા ખાઈ લોકો વ્યવસ્થિ પણે પોતાનું કામ પણ કરતાં હોય છે, આન વ્યસન ક્યારે સમજશે??

ચૂંટલો :

સરકારે ગુટખા પર પ્રતિબંધ લાદતાં કદાચ દારૂની જેમ એ પણ બ્લેકમાં મળતાં થાય તો નવાઈ નહીં. ગુટખા - પડીકી - વ્યસન છોડવાનું મન પર જ આધારીત છે. જે વસ્તુને આધીન જન્મ પછી થયાં છીએ એ વસ્તુ અવશ્ય છુટી જ શકે છે, ફીર ગુટખા ક્યા ચીઝ હૈ?

મને પતિમાં કંઇક ફેરફાર દેખાવા લાગ્યો, નોકરી પ્રાઇવેટ હતી, તેથી મોડું તો થઇ જતું હતું, પણ વધુ ને વધુ મોડું થવા લાગ્યું, કંઇ પૂછું તો ચીડાઇ જતાં હતા, મને એમ થયું કે કદાચ કામના ભારણને લીધે હશે

ઘણાં દિવસોના ઉકળાટ પછી આજે વાદળો એકદમ ઘેરાયાં છે. એવું લાગે છે કે જોરદાર વરસાદ આવશે. વાતાવરણ એકદમ આહ્લાદક બની ગયું છે. તેથી અગાશી પર જઇ મૌસમની મજા માણવાનું મન થઇ આવ્યું તેથી ખુરશી લઇને બેસી ગઇ. આવી જ એક સાંજે મમ્મીએ લગ્નની વાત કાઢી હતી. ત્યારે મેં છણકો કરીને કહી દીધેલું. 'લગ્નની શું ઉતાવળ છે થઇ જશે' પણ મમ્મીએ સમાજ અને કુટુંબનું બહાનું કાઢીને 'લગ્ન વેળા સર કરવા પડશે' એવું જાહેર કરી દીધું. હું પણ ખાસ કંઇ કરી રહી નહોતી. તેથી હા પાડી દીધી. હું હા કહું એટલી જ વાર હતી. મમ્મીએ છોકરાઓ જોવામાં તેની બધી જ શક્તિઓ કામે લગાડી દીધઈ. અને બહુ જલ્દી બધું નક્કી થઇ ગયું. હું લગ્ન કરીને સાસરામાં આવી ગઇ. થોડા દિવસ બધું અલગ લાગ્યું પણ ધીરે ધીરે સેટ થઇ ગઇ. સ્ત્રીઓનો આ સ્વભાવ છે કે પછી પ્રભુની કૃપા. તે જયાં વીસ બાવીસ વર્ષ રહે છે તે ઘરને ભૂલીને નવા ઘરમાં હળી મળી જાય છે. ફક્ત હળી મળી જતી નથી પણ એ ઘરને જ પોતાનું સમજવા લાગે છે. પતિની સાથે સમય વીતતાં હું એક ફૂલ જેવી બાળકીની માતા બની. કાલ સુધી હું એક છોકરી હતી. આજે મારી એક છોકરી છે. હું તો એ બાળકીને મેળવીને ઘન્ય થઇ ગઇ. સમયને જાણે પાંખો આવી.

સમય વિતવા લાગ્યો. ત્યાં અચાનક મને પતિમાં કંઇક ફેરફાર દેખાવા લાગ્યો. નોકરી પ્રાઇવેટ હતી. તેથી મોડું તો થઇ જતું હતું. પણ વધુ ને વધુ મોડું થવા લાગ્યું, કંઇ પૂછું તો ચીડાઇ જતાં હતા. મને એમ થયું કે કદાચ કામના ભારણને લીધે હશે. તેથી વધુ ટકટક કરવી બરાબર નથી. પણ એ તો મોડા આવવાની સાથે સાથે પીને પણ આવા લાગ્યા. હું તેમને પ્રેમથી સમજાવતી કે નાની દીકરીની સામે આવું બધું ન કરો. તેના પર ખરાબ અસર પડશે. પણ એ તો જાણે કંઇ વિચારવા કે સમજવા જ તૈયાર ન હતા. ધીમે ધીમે રોજ ઝઘડા તે ત્યાં સુધી કે ક્યારેક ક્યારેક તો એ હાથ પર ઉપાડવા લાગ્યા. હું તો વિચારી જ નહોતી શકતી કે આમાં શું અને ક્યાં એવું તે શું ખોટું થઇ રહ્યું છે જે તેમને પસંદ નથી આવતું. એ જ વિચારતાં આખો દિવસ નીકળી જતો. રાત થતાં જ એ જ નાટક. મારા લાખ પ્રયત્નો છતાં તેમનામાં કોઇ સુધારો થતો ન હતો. દિવસે ને દિવસે પરિસ્થિતિ વણસતી જતી હતી.

એક દિવસ તો હદ થઇ ગઇ. અડધીરાતે તે ઝઘડવા લાગ્યા અને કહ્યું, આ ઘરમાંથી ચાલી જા. કદાચ એ જીવનથી હતાશ થઇ ગયા હતા. અને એ ઇચ્છતા નહોતા કે તેમની હતાશાની પીડા મને પ્રભાવિત કરે કે તેની અસર દીકરી પર પડે. આ અસંમજનથી બચવા એ ઇચ્છતા હતા કે હું પિયર જતી રહું. આ પહેલાં પણ ઘણી વખત તેમને મને જવા માટે કીધું હતું. પણ મેં એ વાતને બહુ હળવાશથી લીધી હતી.

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

બે ચાર દિવસ વીતી ગયા. પણ તે રાતે એમનો ક્રોધ ખુબ વધુ હતો. વારંવાર મારો હાથ પકડીને બહાર ધકેલતા હતા. મને કહ્યું, 'આજ તો તારે ઘરમાંથી બહાર નીકળવું જ પડશે. અત્યારે જ જતી રહે. ઘણી આજીજી કરીને રાત કાઢેલી. સવારે જવું જ પડ્યું.' હું આખી રાત વિચારતી રહી. મારું કોણ છે. જેને સૌથી વધુ પોતાનો સમજ્યો તે મને ઘરમાંથી બહાર કાઢે છે. પપ્પાનું ઘર તો પહેલેથી પોતાનું હતુ જ નહીં. લગ્ન પછી તો સાવ પરાયું થઇ ગયું. આજકાલ રાજકારણીઓ "ઘરનું ઘર"નું સપનું બતાવે છે પણ સ્ત્રીનું સાચું ઘર ક્યું એ તો પહેલાં નક્કી કરો. મને એમ થયું કે કદાચ નશામાં આવું બધું બોલી ગયા હશે. સવારે ભૂલ સમજાતાં માફી માંગી લેશે. પણ એવું થયું નહીં. મારે જવું જ પડ્યું.

ન કોઇ ફોન કે ન કોઇ વાત. મમ્મીને વધું કંઇ કહી શકી નહીં. તેણે તો પૂછ્યું પણ ખરું કે 'આમ અચાનક કેમ આવવાનું થયું' તો મેં કહી દીધું કે શું મારે મારી મમ્મીને ત્યાં આવવામાં જાણ કરવી પડે. બિચારી તેથી આગળ કંઇ પૂછી શકી નહીં. પાંચમા દિવસે અડધી રાતે ફોનની ઘંટડી વાગી. સાસરામાંથી ફોન હતો કે એમની તબિયત સારી નથી. જેમ બને તેમ જલ્દી ઘેર આવ જાવ. લડાઇ ઝઘડો બધું ભૂલીને જે કંઇ હાથમાં આવ્યું તે બેગમાં ભરીને મમ્મી-પપ્પા સાથે રવાના થઇ. પણ પહોંચતા સુધી તો ઘણું મોડું થઇ ગયું હતું. ત્યાં બધું ખત્મ થઇ ગયેલું. તેમણે કદાચ કોઇ ઝેરી પદાર્થ ખાઇ લીધો હતો. ડોક્ટર પાસે લઇ જતાં પહેલાં જ શ્વાસ નો તંતુ તુટી ગયો. હું મારી દીકરીને લઇને પથ્થરનાં પૂતળાંની જેમ ઉભી હતી. કંઇ વિચારી જ ન શકી કે આ બધું શું થયું. તે પછી તો જેમ મોટાંઓ કહે તેમ કરતી ગઇ. મારી દીકરી મને વળગી રહી હતી. કોણ જાણે ક્યારે કેમ ને શું થયું, જયાં સુધી સગાસંબંધીઓ અને કુટુંબીઓ હતા ત્યાં સુધી તો સમય પસાર થઇ જતો હતો. પણ બધાં જતાં રહેતાં ઘરમાં સ્મશાન જેવો ભાસ થવા લાગ્યો. એકલી બેઠી બેઠી એ જ વિચારતી કે એવું તે શું બન્યું કે એ હિંમત હારી બેઠા. પણ તેનો કોઇ જવાબ મને મળતો ન હતો. લોકો મારી અને દીકરીની ઉંમર જોઇને વિચારતાં દયા ખાતાં અને દુઃખી થતાં કે આની જિંદગી કેમ કરીને જશે. મારાં બીજાં લગ્નની વાતો પણ થતી પણ મેં વિચારી લીધું હતું કે હું હવે મારી રીતે પગભર થઇશ. અને દીકરીને પણ ભણાવી ગણાવીને પગભર કરીશ. હું જીવનની મુશ્કેલીઓ સામે હાર નહીં માનું. પણ તેનો સામનો કરીશ.

આવું બધું વિચારતાં વિચારતાં વરસાદે ક્યારે મને ભીંજવી દીધી તેનું ભાન જ ન રહ્યું. આંસુનો વરસાદ મનને પહેલેથી ભીંજવી ગયો હતો. પણ મમ્મીએ આવીને મારી વિચાર તંદ્રાને તોડી. કદાચ મમ્મી મારી મનની પીડાને સમજતી હતી. તેથી ખુબ જ પ્રેમથી કહ્યું. જિંદગીના ક્યા પ્રશ્નોમાં તું ગૂંચવાઇ ગઇ છો કે વરસાદમાં ભીંજાઇ ગયાનું પણ તને ભાન નથી રહેતું. મેં પણ મમ્મીની આંખોની ઉલઝન ઓળખી લીધેલી. તેથી બોલી. 'મમ્મી તું ચીંતા ન કર, મને જીવનમાં શ્રધ્ધા છે. તેથી જિંદગીથી હારીશ નહીં. તેનો સામનો કહીશ, લડીશ અને જીતીશ.'

આજે હું શિક્ષિકા છું, મારી દીકરીને ભણાવું ગણાવું છું, પોતાની હિંમતથી, બધું જ ભુલીને વનને નવેસરથી જીવવાની કોશિષ કરી રહી છું. કેમ કે, મને ખબર છે કે કોશિષ કરે તેને જ સફળતા મળે છે, અને કરેલી કોશિષ ક્યારેય નિષ્ફળ જતી નથી.

-
vanvihari@gmail.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૨મી ઓગષ્ટ

- પેશ્વાના રાજ્યમાંથી વેઠપ્રથાની નાબૂદી કરાવનારા નીડર ન્યાયાધીશ શ્રી રામશાસ્ત્રીનો જન્મ ૧૭૨૦માં થયો. પેશ્વા માધવરાવના રાજ્યમાં ન્યાયાધીશ તરીકે તેમણે રાઘોબા પર હત્યાનો મૂકાયેલો આરોપ સાચો ઠેરવીને સજા કરી હતી. ભ્રષ્ટાચાર સામે તે વેળાએ પોતાનો પ્રકોપ જાહેર કર્યો હતો.
- દેશભક્ત કેશવચંદ

સેને બ્રહ્મોસમાજ, બ્રહ્મોમંદિરની સ્થાપના કરી ૧૮૬૯.
- ભૂગોળ, ઇતિહાસ અને ગુજરાતી સાહિત્યનાં સર્જક દેવશંકર ભટ્ટનું અવસાન - ૧૯૨૨.
- વોરન હેસ્ટિંગ્સનું



અવસાન - ૧૮૧૮.
- હિન્દને આઝાદી ન મળે ત્યાં સુધી કાળા વસ્ત્રો જ પહેરવાની પ્રતિજ્ઞા લેનાર - કાલાબાપા
- દેશભક્ત અહમત સૈયદ મુસ્તુફા એડ્સનો સુરત ખાતે જન્મ - ૧૮૮૧.૨

લગ્નજીવનમાં પ્રેમ જેટલો જ અગત્યનો છે વિશ્વાસ, એકબીજા માટે વિશ્વાસ ના હોય તો જીવવું મુશ્કેલ બનતાં વાર ન લાગે, આજકાલ બંનેના વ્યવસાય એવા થઇ ગયા છે જેમાં મોડું-વહેલું થાય કે કામ અર્થે બહાર ગામ જવાનું થાય તો તે પરિસ્થિતિ સ્વીકારવી જરૂરી થઇ પડે છે

છૂપાલો દિલમેં યૂં પ્યાર મેરા, કે જૈસે મંદિરમેં લો દિયે કી,
મેં સર ઝૂકાયે ખડી હૂં પ્રિતમ, કે જૈસે મંદિરમેં લો દિયે કી.

હેમંતકુમાર અને લતાએ ગાયેલું 'મમતા' ફિલ્મનું ગીત એવું મીઠું છે કે રેડિયોમાં વાગતું સાંભળવામાં આવે તો બે ઘડી થંભી જવાય. આખ્ખાયે ગીતમાં સમર્પણનો ભાવ એવો ઠાંસી ઠાંસીને ભર્યો છે કે વાત ના પૂછો.

નિજમંદિરના ગર્ભગૃહમાં બળતાં દિવાની જ્યોત જેવું શાંત, સ્થિર, પવિત્ર અને પ્રકાશમય દાંપત્યજીવન હોય ત્યારે પતિ-પત્ની બંને એ જ્યોતના ઉજાસમાં તેજોમય બની જાય. કેમ કે, દિવાનો પ્રકાશ ઉજાસ ફેલાવે છે. આંખો અંજાઇ જાય એવો ઝળહળાટ નહીં.

આમ તો એવા દાંપત્યજીવનને જ શ્રેષ્ઠ ગણ્યું છે. જેમાં એકબીજામાં સમર્પિત થઇ જવાનો ભાવ હોય અને વ્યક્તિત્વ ગુમાવી દઇને શરણમાં જ રહેવું એવી ભાવના હોય. પરંતુ આજના આ યુગમાં જયારે પતિ-પત્ની બંનેએ ખભેખભા મિલાવીને કુટુંબીજીવનની ઘરી બની રહેવાનું અનિવાર્ય બની ગયું છે. ત્યારે આ વાત થોડીક અપ્રસ્તુત લાગે છે.

જેમ અગાઉના જમાનામાં વપરાતાં માપિયાં કે ગજ હવે વપરાશમાં નથી તેમ એકબીજાને સમર્પિત થઇને રહેવાની ફિલોસોફી/વ્યાખ્યા થોડી રેઢિયાળ લાગે છે.

કેમ કે, આપણી ભાષામાં સમર્પણ કહીએ એટલે રૂટિન ઘરકામ - સાફસફાઇ - પતિ/બાળકોને ટિફીન ભરી આપવું. અને સાંજે પતિ થાક્યો પાક્યો ઘરે આવે ત્યારે દોડીને હાથમાંથી ટિફીન લઇ લેવું, અને સ્વભાવવશ કે ટેવવશ પતિ ધોલ-ધપાટ કરે તો ગૂપચૂપ સહી લેવું એનું નામ સમર્પણ એવું રેખાચિત્ર આપણા મનમાં ખડું થઇ જાય છે.

અત્યારના સમયમાં જયારે શહેરમાં હોય કે ગામડામાં સૌએ ઘડિયાળના કાંટે જિંદગી ગોઠવી દીધી છે ત્યારે એકદમ જરૂરી બની જાય છે કે, પતિ-પત્ની બંને પરસ્પર સહકારથી વર્તે. એકબીજાની જરૂરિયાતનો ખ્યાલ રાખે, અને ઊંડી સમજણપૂર્વક એકબીજાનું સ્વમાન જાળવીને ચાલે. બંને એ સ્વીકારવું પડે કે સામેની વ્યક્તિ પોતાનાથી અલગ હોઇ શકે.

અને સમર્પણ કરવું જ હોય તો પોતાના સ્વામિત્વ કે શક્તિનું કરવું

પારિજાત

- રેખા ભટ્ટ

જોઇએ. કેમ કે, અધિકારથી સત્તા મેળવી શકાય છે, પણ સ્નેહથી છલકાતું હૃદય નહીં.

એકબીજાને જેવા છે તેવા જ સ્વીકારવાની તૈયારી હોય તો પ્રેમ મેળવી શકાય છે.

લગ્નજીવનમાં પ્રેમ જેટલો જ અગત્યનો છે વિશ્વાસ. એકબીજા માટે વિશ્વાસ ના હોય તો જીવવું મુશ્કેલ બનતાં વાર ન લાગે. આજકાલ બંનેના વ્યવસાય એવા થઇ ગયા છે જેમાં મોડું-વહેલું થાય કે કામ અર્થે બહાર ગામ જવાનું થાય તો તે પરિસ્થિતિ સ્વીકારવી જરૂરી થઇ પડે છે.

પતિ-પત્ની એકબીજાને શંકાની નજરે જૂએ અથવા પોતાની પળે-પળનો હિસાબ પરસ્પરને આપવો પડે એ ઘટના જ અત્યંત દુઃખદાયક છે.

પત્ની આખો વખત પેલાનાં ખિસ્સાં - પાકિટ તપાસ્યા કરે અને પતિ, પત્નીનું પર્સ ફંફોસ્યા કરે એ સંજોગોમાં આ વાતની પૂર્ણાહૂતિ કુહાડી - ધારિયા - કે રિવૉલ્વરની ગોળીથી થાય એ અસંભવ નથી.

સંપૂર્ણ ઉદારતા અને ઊંડી સમજ હોય ત્યારે જ સહજીવન આનંદમય બની રહે, કેમ કે મોટે ભાગે જાતે જોયેલું, સાંભળેલું કે વિચારેલું પણ ખોટું હોઇ શકે છે.

એવા સંજોગોમાં પરસ્પર પ્રેમ અને વિશ્વાસ અને ઉદારતા હોય તો જ ગાડું આગળ ચાલે. તમે ખોટા પાત્રને પરણ્યા હોય તો તરત જ ખબર પડી જાય, પણ સાચા પાત્રને પરણ્યા હો તો જિંદગીભર ખબર નથી પડતી.

ઘણીવાર રમૂજમાં એવું કહેવાય છે કે, લગ્ન કરવાનાં અને છૂટાછેડા લેવાનાં કારણો મોટે ભાગે સરખાં હોય છે.

'The Prophet' ના કવિ ખલિલ જિબ્રાનનું નામ આપણા માટે અજાણ્યું નથી. એમણે લગ્ન વિષે ખૂબ સુંદર વાત કરી છે કે -

- **તમે બંને સદાને માટે સાથે રહેજો પણ તમારા સહ-વાસમાં ગાળો પાડજો.**

(અનુસંધાન પાના નં. ૬ પર)

'પારિજાત'ના પચાસમાં આર્ટીકલ્સ સાથે, ૨૦ ઓગષ્ટ-૨૦૧૧ થી શરૂ કરેલ આ કોલમનું એક વર્ષ પૂરું થાય છે ત્યારે સૌ વાચકમિત્રોનો અને સમગ્ર "ગાંધીનગર સમાચાર" પરિવારનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

- રેખા ભટ્ટ,
૨૨-૦૮-૨૦૧૨